## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બહેન તમારી તમારા પતિનાં ત્રાસની ફરીયાદ અત્યારે નોંધી નહીં શકાય... અમારા સાહેબ પણ તેના સાહેબનાં ત્રાસથી હાજર નથી...

# ખોટા સર્ટિફિકેટના આધારે સાડા પાંચ વર્ષથી નોકરી કરતી મહિલા

ગાંધીનગર, તા. ૨૮

સરકારી નગરી ગણાતા ગાંધીનગરની સરકારી કચેરીઓમાં છાશવારે કોઈને કોઈ પોસ્ટ માટે કાયમી તથા કરાર આધારીત ભરતીઓ થતી રહે છે. તાજેતરમાં ગૌણ સેવા પસંદગી મંડળ નામના બોગસ કોલ લેટર સામે આવ્યા બાદ અન્ય કચેરીઓમાંથી પણ બોગસ પ્રમાણપત્રોની ફરીયાદો આવવા લાગી છે. સેક્ટર-૧૧ સ્થિત સહયોગ સંકુલમાં આવેલી જિલ્લા જળસ્રાવ વિકાસ કચેરીમાં સાડા પાંચ વર્ષથી એમડીટી એગ્રીકલ્ચરલ અધિકારી તરીકે ફરજ બજાવતી મહિલાનું પીજી ડીપ્લોમાનું પ્રમાણપત્ર જ બનાવટી હોવાનું ધ્યાનમાં આવતા નોકરીમાંથી છુટા કરીને સરકાર સાથે છેતરપીંડી કરીને આર્થિક લાભ મેળવવાની ફરીયાદ નોંધાવી છે.

ગાંધીનગરના સેક્ટર-૧૧ સ્થિત સહયોગ સંકુલમાં ૭મા માળે આવેલા જિલ્લા જળસ્રાવ વિકાસ એકમમાં એમડીટી એગ્રીકલ્ચરલ તરીકે ફરજ બજાવતા કિરણકુમાર શિવાભાઈ પટેલની ફરીયાદ પ્રમાણે કચેરી દ્વારા એમડીટીની જગ્યા ૧૧ માસના કરાર આધારીત ભરવા માટે પ્રક્રિયા કરવામાં આવી હતી. જેમાં વાવોલની શાલ્વીક હોમ્સ સોસાયટીમાં રહેતા જીજ્ઞાશા યુ. ભટ્ટની તેમણે રજૂ કરેલી પી.જી. ડીપ્લોમાં ઈન રૂરલ ડેવલપમેન્ટના અભ્યાસનું પ્રમાણપત્ર, માર્કશીટ, અનુભવનું પ્રમાણપત્ર, જન શિક્ષણ સંસ્થા કલોલના નામનું એમએસ ઓફિસનું પ્રમાણપત્ર રજુ કર્યુ હતુ. જેના આધારે પસંદગી કરવામાં આવી હતી અને નોકરી પણ ચાલુ થઈ ગઈ હતી. રૂ. ૧૮ હજાર પગાર અપાતો હતો. કચેરી દ્વારા તમામ પ્રમાણપત્રોની ખરાઈ કરાવવામાં આવતા પીજી ડિપ્લોમાં ઈન રૂરલ ડેવલપમેન્ટ તથા એમએસ ઓફિસનું પ્રમાણ પત્ર બનાવટી હોવાનું ખુલ્યુ હતુ. ત્યાં સુધીમાં જીજ્ઞાશાએ ૫.૫ વર્ષની આજ કચેરીમાં પૂર્ણ કરી હતી અને પગાર પણ લીધો હતો. કચેરી દ્વારા આ બેંને પ્રમાણપત્રો અંગે ખુલાસો પુછવામાં આવતા સાચા હોવાનું પુરવાર કરી શક્યા નહોતા. જેના પગલે તા. ૭મી જુલાઈ ૨૦૧૮ના રોજ કચેરી દ્વારા છુટા કરી દેવામાં આવ્યા હતા. કચેરીના નિયામકે કિરણકુમારને ફરીયાદ નોંધાવવા લેખીતમાં જણાવતા આખરે જીજ્ઞાસા સામે આઈપીસી ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૮ તથા ૪૭૧ હેઠળ ફરીયાદ નોંધાવવામાં આવી છે. જીજ્ઞાશા સામે બનાવટી પ્રમાણપત્રોને સાચા તરીકે રજુ કરી સરકાર સાથે છેતરપીંડી તથા વિશ્વાસઘાત કરીને પોતે બનાવટી પ્રમાણપત્રો હોવાનું જાણતા હોવા છતાં આર્થિક લાભ મેળવવાનો ગુનો નોંધાવવામાં આવ્યો છે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં એક જ દિવસે સરકારના બે વિભાગોના રાજ્યભરના ઉચ્ચ અધિકારીઓની બે કોન્ફરન્સ યોજાઈ હતી. એક કોન્ફરન્સ રાજ્યના મહેસુલી તંત્રના કલેક્ટર્સની યોજાઈ હતી તો બીજી કોન્ફરન્સ રાજ્યના આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓની યોજાઈ હતી.

● રાજ્યના આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓની યોજાયેલી કોન્ફરન્સમાં સમાપને ધ્યાન સેશન યોજાયું હતું. આ સેશનમાં અંદાજે ૨૦ મિનિટ સુધી અધિકારીઓએ મેડીટેશન કર્યુ હતું.

● શહેરમાં એક તરફ આઈબી પોલીસના પીએસઆઈ અનિલ પરમારનો ચીઠ્ઠી લખીને ગુમ થવાનો મામલો ચર્ચાસ્પદ બન્યો છે. સંજોગોવસાત બીજી તરફ શહેરમાં ચેતક કમાન્ડોમાં કાર્યરત અન્ય એક પીએસઆઈનું નામ પણ અનિલ પરમાર હોવાથી છેલ્લાં ત્રણ દિવસથી તેમના મિત્રો-સ્નેહીજનો વગેરે દ્વારા સતત તેમને કોલ કરી પૃચ્છા કરવામાં આવી રહી છે.

● શહેરમાં ભાદરવાનો તડકો ધોમ ધખી રહ્યો છે. બપોરના સમયે જાણે તડકો વાગી રહ્યો હોય તેવું શહેરીજનો અનુભવી રહ્યા છે.

# મોંઘવારીથી પીડાતી પ્રજાને નોંધારી છોડી પ્રધાનમંત્રી વિદેશ પ્રવાસોમાં વ્યસ્ત : નિશિત વ્યાસ

ગાંધીનગર, તા. ૨૮

દેશમાં છેલ્લા ચાર વર્ષમાં આર્થિક મોરચે નિષ્ફળ મોદી સરકારના પરિણામે દેશમાં પારાવાર આર્થિક મુશ્કેલીઓ ઉભી થઈ છે. ડોલરની સામે રૂપિયાનું સતત અવમૂલ્યન, ૫૫ મહિનાની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયુ છે. ત્યારે નોટબંધી અને ત્યાર બાદ જીએસટી અમલીકરણમાં ગુંચવણોના લીધે દેશના નાના અને મધ્યમ વેપારીઓની પરેશાનીમાં ઉમેરો થયો છે. લાખો નાગરિકોની રોજગારી છીનવાઈ ગઈ છે. ત્યારે મોદી સરકારના આર્થિક દેવાળાપણાનો જવાબ માંગતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પ્રવક્તાશ્રી નિશિત વ્યાસે જણાવ્યું હતું કે, ભારતની માથાદીઠ આવક ૨૧૦૦ યુએસ ડોલર છે, દેશમાં ઔદ્યોગિક ઉત્પાદન ૩.૦૦ ટકા સાથે નીચે પહોંચી ગયું છે. કૃષિ વિકાસ દર ૨.૦૦ ટકા થઈ ગયો છે. ખેડૂતોની મુશ્કેલીમાં મોટા પાયે ઉમેરો થયો છે. દેશમાં સતત મેન્યુફેક્ચરીંગમાં ઘટાડો, વીજની માંગમાં ઘટાડો, મોંઘવારીમાં સતત વધારો, ખરીદ ક્ષમતામાં ઘટાડો, ત્રણ માસની દ્રષ્ટિએ મૂડીરોકાણમાં ૩૮% નો ઘટાડો, એક્સ એવિએશન ઈન્વેસ્ટમેન્ટ ૧૪ વર્ષમાં સૌથી નીચે, રોડ પ્રોજેક્ટની હાલત અતિ ખરાબ, વ્યાપાર-ખાધ પાંચ વર્ષની ઉચ્ચતમ સપાટીએ, નવેમ્બર-૨૦૧૭, મે-૨૦૧૮ વચ્ચેના ગાળામાં ૧ કરોડ નોકરીમાં ઘટાડો, રૂપિયો ડોલરની સરખામણીએ ૭૨ રૂપિયા પાર કરી ચુક્યો, નોટબંધી, જીએસટીના કારણે આર્થિક તંત્ર હાલક-ડોલક થઈ ગયું છે, દર વર્ષે ૨ કરોડ નોકરીઓનો વાયદો કરનાર મોદી સરકારની ખોટી નીતિના કારણે લાખો લોકોએ રોજગાર ગુમાવ્યા છે. ત્યારે દેશની જનતા મોદી સરકાર પાસે જવાબ માંગે છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પ્રવક્તાશ્રી નિશિત વ્યાસે જણાવ્યું હતું કે, સમગ્ર દેશની વિશ્વસનીય સંસ્થા તોડી નાખવાનું સુનિયોજીત કાવત્રુ મોદી શાસનના ચાર વર્ષથી અમલ કરવામાં આવી રહ્યો છે. સમગ્ર દેશમાં આવેલ રાષ્ટ્રીયકૃત બેન્કોનું કુલ એનપીએ વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂ.૨.૬૩ લાખ હજાર કરોડ હતું અને જે ૪ વર્ષમાં વધીને ૨૦૧૭-૧૮માં રૂ.૧૦૩૦ લાખ હજાર કરોડ પહોંચી ગયું છે. એટલે કે એનપીએમાં ૪૫૦ ટકાનો જંગી વધારો થયો છે. આઈડીબીઆઈ બેંકની રૂ.૫૫૫૮૮ કરોડ એનપીએ છે જેનો કવાર્ટર-૪ નું નુકસાન રૂ.૫૭૦૦ કરોડ નોંધાયું છે.

## સે-૩ ન્યુ ખાતે સ્વાઈન ફ્લુ ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા.૨૮

તાજેતરમાં સમગ્ર રાજયમાં વરસાદ થતા ઠેર-ઠેર શરદી, ઉધરસ, તાવ ના દર્દીઓ નજરે પડે છે. દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. ત્યારે સેકટર-૩ ન્યુ માં પણ વાઈરલ ફીવરના દર્દીઓ નોંધાયા છે. જેથી સે-૩ વસાહત મંડળ દ્વારા સ્વાઈન ફ્લુ ઉકાળાનું વિતરણ ત્રણ દિવસ માટે કરવામાં આવ્યું હતું. જેમાં સેકટરના હોળી ચોક ખાતે સવારે ૯.૩૦ કલાકથી ઉકાળાનું વિતરણ કરાયું હતું. વસાહતી ભાઈ બહેનોએ સ્વાઈન ફ્લુનો ઉકાળો પીધો હતો.



**રાંધેજા ખાતે વિદ્યાપીઠના વિદ્યાર્થીઓનું વોલ પેઈન્ટિંગ**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિકટ આવી રહી છે. આ પ્રસંગે ગુજરાત વિદ્યાપીઠના એનએસએસ યુનિટ તથા રાંધેજા ખાતેના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત ભીંતચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ સવચ્છ ભારત, ગો ગ્રીન, સર્વ ધર્મ સમભાવ, મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ, દાંડી કૂચ, જળ બચાવો, સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત જેવી થીમ આધારીત ભીંતચિત્રો બનાવ્યા હતા.

## રવિવારે પ્રમુખના નિવાસસ્થાને કોંગી કારોબારી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની વિશેષ કારોબારીની બેઠક તા. ૩૦-૯-૨૦૧૮ રવિવારના રોજ બપોરે ૨.૦૦ કલાકે જિલ્લા પંચાયત પ્રમુખના નિવાસસ્થાન સેક્ટર-૨૦ ખાતે જિલ્લા પ્રમુખના અધ્યક્ષસ્થાને પ્રદેશ નિરીક્ષકો શ્રીમતી ઘેનીબેન ઠાકોર, રઘુભાઈ દેસાઈ તથા ધારાસભ્યો સર્વ બળદેવજી ઠાકોર, ડૉ. સી. જે. ચાવડા, સુરેશભાઈ પટેલ, પ્રદેશના હોદ્દેદારો તેમજ પ્રદેશ ડેલીગેટ્સની વિશેષ ઉપસ્થિતિમાં યોજાનાર છે.

સદર વિશેષ કારોબારીની બેઠકમાં જિલ્લા કોંગ્રેસના હોદ્દેદારો, ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશનના હોદ્દેદારો, મહિલા કોંગ્રેસના હોદ્દેદારો, યુથ કોંગ્રેસ તથા એનએસયુઆઈના હોદ્દેદારોએ ઉપસ્થિત રહેવા જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું છે.

# સ્વતંત્રતાના નામે સ્વચ્છંદતા આપઘાત સમાન : આચાર્ય સુનીલ સાગરજી

ગાંધીનગર, તા. ૨૮

આજે અમદાવાદ પશ્ચિમ લોકસભા સીટના ભાજપના પ્રભારી, પૂર્વ ચેરમેન ગુડા તથા પૂર્વ જિલ્લા અધ્યક્ષ અશોકભાઈ ભાવસાર આચાર્યનાં દર્શનાર્થે પધાર્યા હતા. આચાર્ય સુનીલ સાગરજીએ આજે યુવાનોની સ્વતંત્રતા માટેની આંધળી દોડ અને તે માટે તેમનો ઘર-પરિવાર, સમાજ, ધર્મ, સંસ્કૃતિ સામે વિદ્રોહની સ્થિતિ અને પરિમામોનું વિશ્લેષણ કરતા કહ્યું કે આજે મોટાભાગનાં યુવાનો ખરેખર સ્વતંત્રતા અને સ્વછંદતા વચ્ચે ભેદ નથી કરતા. સ્વતંત્રતાના નામે તેઓ જે સ્વચ્છંદતા આચરી રહ્યા છે, સંયમ અને મર્યાદાઓની અવગણના કરી આવેશને આવેશમાં હોશ હવાશ ગુમાવી માતા-પિતા અને ગુરુજનોની જીવનોપયોગી સીખની અવગણના કરી રહ્યા છે જે આપઘાત સમાન છે.

આચાર્યએ કહ્યું કે 'ક્યા ગંગા, ક્યા યમુના ક્યા સાબરમતી કી ધાર. વહ ઘર તીર્થ સમાન હૈ, જહાં બચ્ચે કરે માતા-પિતા કા સત્કાર.' જેમ નદી કિનારા વગર



ઉપયોગી થતી નદી તેમ જીવન પણ સંયમ અને મર્યાદા વગર ઉપયોગી થઈ શકતો નથી. મા-બાપ સંતાનો માટે સારો જ વિચારતા હોય છે. સંતાનો યુવાનીના જોશમાં જે જોઈ શકતી નથી તે મા-બાપની અનુભવી આંખો જોઈ જાય છે એટલે સાચા રસ્તે લાવવા માટેની મથામણ કરતાં હોય છે છતાં તે યુવાનોની નજરમાં સૌથી મોટા દુશ્મન બની જાય છે. એની પાછળ તો વડીલોનો પ્યાર અને ચિંતા હોય છે. કુપાત્ર, સંવેદનહીન સંતાનો પોતાનાં વૃદ્ધ માતા-પિતાને વૃદ્ધાશ્રમને મૂકી આવે છે. એમ વૃદ્ધાશ્રમ ખરાબ નથી કેમ કે તે નિરાશ્રયનો આધાર છે પણ એમાં માતા-પિતાનો જે અપમાન થાય છે તે તો પાપ જ છે. જીવનના સાચા અને સર્વાંગી વિકાસ માટે ગુરુજનો અને માતા-પિતાની સીખ ખૂબ જ જરૂરી છે. એ સંયમમય મર્યાદા રૂપ આવરણ છે, રક્ષા કવચ છે અને જીવનને તરાશે છે. આપણે શ્રીરામના જીવનથી મર્યાદાનો બોધપાઠ લેવો જોઈએ. જ્ઞાની હોય પણ વિવેક ના હોય તો શું કામનો ? કિંમતી વૃક્ષો વગેરેને બાંધીને રાખવાથી જ સાચવી શકાય છે તેમજ જીવન રૂપી અનમોલ રત્નને માતા-પિતા અને ગુરુજનોનાં યોગ્ય માર્ગદર્શન અને શિસ્ત દ્વારા સંવારી શકાય છે સુન્દર બનાવી શકાય છે.

## રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા સ્વાઈન ફ્લુથી બચવા ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા.૨૮

શારીરીક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા અને મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય ગુજરાત વિદ્યાપીઠની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા સંયુકત રીતે સ્વાઈન ફ્લુથી બચવા ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું છે. આ ઉકાળા વિતરણ તા. ૨૭-૯-૧૮ થી ૩૦-૯-૧૮ સુધી ચાલશે. જેમાં સંસ્થાના વિદ્યાર્થીઓની સાથે સાથે સાદરા ગામના નાગરીકો માટે સ્વાઈન ફ્લુથી બચવા ઉકાળાનું વિતરણના ત્રણ સ્ટોલ લગાવવામાં આવ્યા હતા. સાથે સાથે કલ્યાણ પુરા અને માધવગઢના ગ્રામજનો માટે પણ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. બધા જ ગામના સ્કુલના વિદ્યાર્થીઓને પણ ઉકાળાનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમ સ્વંયસેવકો સરસ રીતે કામગીરી નિભાવી છે. કાર્યક્રમના આયોજનમાં ડો. કનુભાઈ વસાવા, ડો.નયનેશભાઈ વસાવા, મુકેશભાઈ રહેવર, અને ડો. નીરજ સિલાવટનો સરાહનીય ફાળો રહ્યો હતો.



**વાવોલની એમ.બી. પટેલ વિદ્યાલયમાં ઈનામ વિતરણ સમારોહ યોજાયો**

વાવોલના પ્રગતિમંડળ સંચાલિત એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં શાળાની વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનારા ૨૭ તેમજ અન્ય ૭૮ પ્રોત્સાહન ઈનામો વિદ્યાર્થીઓને એનાયત કરાયા હતા. પ્રગતિ મંડળના પ્રમુખ પોપટભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત એસ.વી. કોમર્સ કોલેજના પૂર્વ પ્રાધ્યાપક પૃથ્વીભાઈ શાહ દ્વારા બાળકોને ઈનામો આપવામાં આવ્યા હતા. બાળકો દ્વારા અભ્યાસની સાથે સાથે વિવિધ ઈતર પ્રવૃત્તિઓ તથા રમતગમત સહિતની સ્પર્ધાઓમાં ભાગ લઈ ઉત્કૃષ્ઠ દેખાવ કરવા બદલ સન્માનવામાં આવ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે આચાર્ય બળદેવભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યુ હતુ. કાર્યક્રમમાં મંડળના સહમંત્રી અમરસિંહ ગોલ પણ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમનું સંચાલન શિક્ષિકા આર.જે. વ્યાસે કર્યુ હતું.

## ગુજરાતમાં હૃદયરોગનું પ્રમાણ ૧૫-૨૦ ટકા સુધી વધી ગયું

આવતીકાલે તા.૨૯મી સપ્ટેમ્બરે વર્લ્ડ હાર્ટ ડે છે અને ગુજરાત સહિત સમગ્ર દેશ અને વિશ્વભરમાં વિશ્વ હૃદય રોગ દિવસની ઉજવણી કરવામાં આવશે અને આ વૈશ્વિક ગંભીર સમસ્યા વિશે સામાજિક જાગૃતિ ફેલાવાશે. આવતીકાલે શહેરના મીઠાખળી વિસ્તારમાં એચસીજી હોસ્પિટલ ખાતે ગુજરાત મીડિયા કલબના સભ્યો અને તેમના સ્પાઉસ માટે હૃદયરોગ અને અન્ય પરીક્ષણ અંગે ફ્રી ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.



સેવા સેતુ : મહાનગરપાલિકા દ્વારા સેક્ટર-૬ ખાતે સેવા સેતુનો કાર્યક્રમ યોજાયો હતો. મેયર પ્રવિણભાઈ પટેલ સહિત અનેક કોર્પોરેટર તથા અધિકારીઓ દિવસ દરમિયાન અરજદારોને સેવા ઉપલબ્ધ કરાવી હતી.

## મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહાર ખાતે તેજસ્વી તારલાઓને શિષ્યવૃત્તિ ચેક અર્પણ

ચિલોડા, તા. ૨૮

ગાંધીનગર તાલુકાની મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહાર શાળામાં ભણતા તેજસ્વી તારલા અને આર્થિક રીતે પછાત પરિવારના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના ચેક અર્પણ સમારોહ યોજાયો હતો.

આ સમારંભમાં મગોડી હાઈસ્કૂલમાં નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પેટે ૬૧૦૦૦ રૂપિયાના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત શાળામાં જલ્પા વિજ્ઞાન ક્લબની સ્થાપના કરવામાં આવી હતી તેમજ વિજ્ઞાન પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મગોડી કેળવણી મંડળના ભાવેશભાઈ પટેલ તથા મંત્રી જે.ડી. શાહ, પ્રમુખ મફતભાઈ પટેલ તેમજ શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા.

# સરકાર કે ધારાસભ્યોને ખેડૂતો કે જનતાની પડી નથી : હાર્દિક

### બીજીથી રાજયના ૨૮ પ્રભાવિત જિલ્લાઓ અને ૧૬૦થી વધુ તાલુકાઓમાં પ્રતિક ઉપવાસ કરવા માટેની જાહેરાત

અમદાવાદ, તા.૨૮

બેંગલુરૂના જિંદાલ નેચરક્યોર ખાતે સારવાર કરાવીને અમદાવાદ પરત ફરેલા પાસ કન્વીનર હાર્દિક પટેલે આજે આવતાની સાથે જ ફરી એકવાર ગુજરાત સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. ભાજપ સરકાર અને ધારાસભ્યોને ખેડૂતો કે ગુજરાતની જનતાની કંઈ પડી નથી. લસણ-ડુંગળી સહિતના શાકભાજીના ભાવો તળિયે બેસી જવા છતાં અને ખેડૂતો માટે રાતા પાણીએ રડવાના દિવસો હોવાછતાં આ સંવેદનહીન સરકારને ખેડૂતોની કોઈ ચિંતા કે પરવા નથી. વિધાનસભામાં તાજેતરમાં ભાજપ અને કોંગ્રેસના ધારાસભ્યોએ તોતીંગ પગારવધારો લઈ લીધો તે પરથી તો એમ લાગે છે કે, જો પગારવધારો ના મળ્યો હોત તો, ધારાસભ્યો આત્મહત્યા કરી લેત એમ કહી હાર્દિકે ધારાસભ્યો પર માર્મિક કટાક્ષ કર્યો હતો. આ સાથે જ હાર્દિક પટેલે તા.૨જી ઓકટોબરે ગાંધીજયંતિના દિનથી મોરબી જિલ્લાના બગથળા ગામે પોતાના પ્રતિક ઉપવાસ આંદોલનની ફરી એકવાર જાહેરાત કરી હતી. હાર્દિકે જણાવ્યું હતું કે, તે ગુજરાતના ખેડૂતોની દેવા માફી, પાટીદારો માટે અનામત અને પાસના નેતા અલ્પેશ કથીરીયાની મુક્તિની ત્રણ માંગણીઓ સાથે રાજયના ૨૮ પ્રભાવિત જિલ્લાઓ અને ૧૬૦થી વધુ તાલુકાઓમાં પ્રતિક ઉપવાસ કરશે અને સરકાર પર દબાણ લાવશે કે જેથી ગુજરાતની પ્રજાના હિતમાં સરકાર નિર્ણય લે. હાર્દિક પટેલે અમદાવાદ પરત ફરતાંની સાથે જ પ્રતિક ઉપવાસ આંદોલનના આગામી તબક્કાની તૈયારીઓ આરંભી દીધી છે. ગાંધી જયંતિથી રાજયના વિવિધ સ્થળોએ ફરીવાર પ્રતિક ઉપવાસ કરી આંદોલનનું શરૂ કરશે. હાર્દિક આ પ્રતિક ઉપવાસનો મોરબીના બગથળા ગામેથી પ્રારંભ કરશે. હાર્દિકે પાટીદાર અનામતની સાથે ખેડૂતોની દેવાં માફી અને સાથીદાર અલ્પેશ કથીરિયાની જેલ મુક્તિ મુદ્દે અગાઉ ૧૯ દિવસના ઉપવાસ કર્યા હતા. તે સમયે સરકારે નમતું ન જોખતા અંતે હાર્દિક પટેલે પાટીદાર સમાજની વિવિધ સંસ્થાઓના આગેવાનોની ઉપસ્થિતિમાં પારણાં કરી લીધા હતા. આ ઉપવાસ દરમિયાન હાર્દિક પટેલની તબિયત વારંવાર લથડી હતી, જેને ધ્યાનમાં લઈને ઉપવાસ પૂર્ણ થયા બાદ હાર્દિક પટેલ બેંગાલુરુ ખાતેના જિંદાલ નેચર ક્યોરમાં સારવાર માટે ગયો હતો. ત્યાંની સારવાર પૂર્ણ થયા બાદ હાર્દિક આજે અમદાવાદ આવી પોતાના પ્રતિક ઉપવાસ આંદોલનની જાહેરાત કરી હતી. તેના આ આંદોલનને લઈ પાસના અગ્રણીઓ અને કાર્યકરો પણ કામે લાગી ગયા છે.

# વિપુલ ચૌધરીનું સભ્યપદ રદ કરવાના નિર્ણયની વિરુદ્ધ સ્ટે

અમદાવાદ, તા.૨૮

ગુજરાત હાઈકોર્ટે મહેસાણા દૂધ સાગર ડેરીના સભ્ય અને પૂર્વ ગૃહ મંત્રી વિપુલ ચૌધરી અને અન્યોને બહુ મોટી રાહત આપી છે. વિપુલ ચૌધરી અને અન્ય સભ્યોનું મહેસાણા દૂધ સાગર ડેરીના પ્રાથમિક સભ્યપદ રદ કરવાના સહકારી મંડળીઓના રજિસ્ટ્રારના નિર્ણય પર હાઈકોર્ટે સ્ટે મુકી દીધો છે. ગઈકાલે એટલે કે તા.૨૭ સપ્ટેમ્બરના રોજ સહકારી મંડળીઓના રજિસ્ટ્રારે વિપુલ ચૌધરી અને અન્યોનું પ્રાથમિક સભ્યપદ રદ કર્યું હતું જેની સામે હાઈકોર્ટમાં તત્કાલ અરજી થઈ હતી. જેની સુનાવણીમાં હાઈકોર્ટે આ રાહત આપી હતી. અગાઉ રાજ્યના સહકારી રજિસ્ટ્રારે દૂધ સાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરી, તેમના પત્ની અને માતા ખોટી રીતે સભાસદ બન્યા હોવાની નોટિસ પાઠવી હતી. વર્ષ ૨૦૦૪-૦૫માં વિપુલ ચૌધરી ચેરમેન બન્યા તે સમયે તેમની પત્ની અને માતાને પણ સભાસદ બનાવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, મહેસાણા દૂધસાગર ડેરીના પેટા કાયદા મુજબ ડેરીને જે દિવસે નોંધણી થઈ તે સમયે જે વ્યક્તિ સભ્યો હતા, તે સિવાય નવા આવેલા વ્યક્તિ સભ્યો બની શકે નહીં, એવી જોગવાઈ કરવામાં આવી હતી. આ ડેરીમાં જે-તે સમયે ૯૮ સભાસદ હતા. તેમજ મૃતક વ્યક્તિ દૂધસાગર ડેરીના સભાસદમાંથી રદ ગણાશે તેવી જોગવાઈ પણ છે અને મૃતક સભાસદના શેર ટ્રાન્સફર થઈ શકશે નહીં તેવી જોગવાઈ હતી. સહકારી રજિસ્ટ્રારના નિર્ણયથી નારાજ વિપુલ ચૌધરી અને અન્યો દ્વારા હાઈકોર્ટમાં રિટ અરજી કરી તેની કાયદેસરતાને પડકારવામાં આવી હતી. જેમાં હાઈકોર્ટે સહકારી રજિસ્ટ્રારના નિર્ણય સામે સ્ટે જારી કરી દીધો હતો. જેને પગલે વિપુલ ચૌધરીને બહુ મોટી રાહત મળી છે તો બીજીબાજુ, સરકાર બેકફુટ પર આવી ગઈ છે. હાઈકોર્ટના સ્ટેના પગલે રાજયના સહકારી ક્ષેત્રમાં પણ આ મામલે ભારે ચર્ચા ચાલી હતી.

# કોંગ્રેસે હંમેશા સરદાર પટેલનું અપમાન કર્યુ છે : જીતુ વાઘાણી

અમદાવાદ,તા.૨૮

પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ રાહુલ ગાંધીએ સ્ટેચ્યુ ઓફ યુનિટિ બાબતે આપેલા નિવેદન અંગે તીવ્ર પ્રત્યાઘાત આપતા આપતા જણાવ્યુ હતુ કે, અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા વિશે વાહિયાત નિવેદનો દ્વારા કોંગ્રેસે દેશ અને ગુજરાતની જનતાનું હળાહળ અપમાન કર્યુ છે. કોંગ્રેસ અને રાહુલ ગાંધી દેશની જનતાની માફી માંગે તેવી માંગણી જીતુ વાઘાણીએ કરી હતી. વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરદાર સાહેબની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાની કલ્પના સાકાર થઈ છે. તે કોંગ્રેસથી સહન થતું નથી. કોંગ્રેસે તેમના શાસનકાળ દરમ્યાન હંમેશા દલાલી અને કટકીઓ જ કરી છે માટે તેમને દરેક બાબતમાં દલાલી જ દેખાય છે. સરદાર સાહેબ દેશના તમામ વર્ગ-જાતિ-સમુદાય માટે સન્માનનીય છે તેઓ એક ''રાષ્ટ્રનેતા'' હતા. કોંગ્રેસે સરદાર સાહેબનું દરેક તબક્કે અપમાન કર્યુ છે. સંસદમાં તૈલચિત્ર મુકવાની બાબત હોય કે ભારતરત્ન આપવાની વાત હોય, કોંગ્રેસે હંમેશા સરદાર સાહેબનું અપમાન જ કર્યુ છે.

**ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ**
'વિદ્યાયન', સેક્ટર-૧૦-એ, ગાંધીનગર

**સ્ટેશનરી અને પરચૂરણ આઈટમ**

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગરની સેક્ટર-૧૦એ ખાતે આવેલ મુખ્ય કચેરી, ગાંધીનગર. સ્ટેશનરી અને પરચૂરણ આઈટમ ખરીદવાની થાય છે. ગાંધીનગર અને અમદાવાદની સ્થાનિક એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ માટેનું ટેન્ડર ફોર્મ ઉપરોક્ત સરનામેથી વહીવટી શાખામાં રૂ. ૧૦૦/- રોકડા જમા કરાવી તા. ૨૮/૯/૨૦૧૮થી ૧૨/૧૦૨૦૧૮ સુધી કામકાજના દિવસો દરમિયાન મળી શકશે. ભરેલું ટેન્ડર ફોર્મ બંધ કવર તા. ૧૯/૧૦/૨૦૧૮ના રોજ સાંજના ૧૭.૦૦ કલાક સુધી કચેરીમાં જમા કરાવવાનું રહેશે. કવર ઉપર 'સ્ટેશનરી અને પરચૂરણ આઈટમ' એમ દર્શાવવાનું રહેશે.

માહિતી/૧૬૮૫/૧૮-૧૯ નિયામક

**ટુંકી મુદતની નિવિદા**

કમિશનર ગ્રામ વિકાસની કચેરી, ગાંધીનગરમાં કચેરીમાં યોજાતી મીટીંગમાં ઉપસ્થિત કર્મચારીશ્રીઓ / અધિકારીશ્રીઓ માટે રીફ્રેશમેન્ટ માટેની વ્યવસ્થા (ચા, નાસ્તો, ભોજન તથા પાણીની વ્યવસ્થા) અંગેના ભાવો મેળવવાના થાય છે.

તે માટે રસ ધરાવતી સ્થાનિક એજન્સીઓએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા. ૫/૧૦/૨૦૧૮ના રોજ, ૧૬.૦૦ કલાક સુધીમાં જાહેર રજાના દિવસો સિવાય કમિશનર ગ્રામ વિકાસની કચેરી, બ્લોક : ૧૬/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની હિસાબી શાખામાં રૂ. ૧૦૦/- ભરી ટેન્ડર ફોર્મ વહીવટી શાખામાંથી મેળવી શકાશે. નિયત નમુનાનું ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં તા. ૧૧-૧૦-૨૦૧૮ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં મળી રહે તે રીતે રજીસ્ટર પોસ્ટ એ.ડી. કે સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે.

સહી/-
નાયબ કમિશનર
ગ્રામ વિકાસ-ગુજરાત રાજ્ય
ગાંધીનગર

માહિતી/૧૬૯૮/૧૮-૧૯